શ્રી રામચંદ્ર મિશન
# એકોઝ ઈન્ડીયા

જુલાઈ ૨૦૦૯ | માત્ર અંગત પ્રકાશન માટે | વર્ષ ૨ અંક ૪

પ્રિય ભાઈઓ અને બહેનો,

પ્રણામ.

એક મહિનાથી પણ વધારે સમયથી, પૂ.માસ્ટર ઉત્તર ભારતનાં ઘણાં સેન્ટરોની મુલાકાત વિસ્તૃત રીતે કરી રહ્યા છે અને ત્યાંના અભ્યાસીઓને ખુશ કરી રહ્યા છે.

પૂ.માસ્ટરની ૮૩મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે તિરૂપુરમાં, પૂરજોશમાં તૈયારીઓ થઈ રહી છે. આ ઉત્સવમાં ભાગ લેવા માટે સમગ્ર વિશ્વમાંથી મોટી સંખ્યામાં અભ્યાસીઓ આવે એવી અપેક્ષા રાખવામાં આવે છે. બીજી એક મુખ્ય પ્રવૃત્તિમાં, ૧૨મી ઓગસ્ટના રોજ "ઓલ ઈન્ડીયા એસે રાઈટીંગ ઈવેન્ટ" યોજવા માટે સ્વયંસેવકો શાળાઓ અને કોલેજોની મુલાકાત લઈ રહ્યા છે.

આ અંકમાં મુખ્યત્વે છે, પૂ.બાબુજીની જન્મજયંતિનો વડોદરા અને બીજાં સેન્ટરો ખાતેનો અહેવાલ, બાળકોનાં સમર કેમ્પ, એસએમઆરટીનો ટ્રેનીંગ વર્કશોપ અને નવાં પ્રકાશકોની જાહેરાતો. સપ્ટેમ્બર ૨૦૦૯ના અંક માટે સમાચાર-લેખો પ્રાપ્ત કરવાની તારીખ ૧૫મી ઓગસ્ટ, ૨૦૦૯ છે.

-સંપાદકીય ટીમ.

## ૩૧મી મે ૨૦૦૯ના રોજ નવી દિલ્હી, ભારત ખાતે પૂ.ગુરુદેવે આપેલું વકતવ્ય

આપણો પહેલો નિયમ છે, "સૂર્યોદય પહેલાં ઉઠો" - તેથી કૃપા કરીને સૂર્યોદય પહેલાં, સવારે ૪.૩૦ વાગે ઉઠવાની ટેવ પાડો. શારીરિક અને માનસિક શુધ્ધિ તરફ ધ્યાન આપો અને ધ્યાનમાં બેસો. ધ્યાનનો સમય એક કલાકનો રાખો. એ પ્રમાણે ઘડિયાળમાં એલાર્મ ગોઠવીને બેસો. એલાર્મ ન વાગે, ત્યાં સુધી ઊભા ન થશો. ધ્યાન કરતી વખતે પેટ ભરેલું ન હોવું જોઈએ. કૃપા કરીને દસ નિયમોને યાદ રાખો, જે પહેલાં 'ટેન કમાન્ડમેન્ટ્સ' કહેવાતા હતા. તે આપણા ફાયદા માટે છે.

હું તમને સૌને એ સજાગતા તરફ પાછા લઈ જવા ઈચ્છું છું કે જીવનમાં આપણે જે કંઈ કરીએ છીએ - શ્વાસ લઈએ છીએ, ખાઈએ છીએ, પીએ છીએ, કામ કરીએ છીએ, ફુરસદનો સમય કાઢીએ છીએ, ઊંઘીએ છીએ, વગેરે - બધું જ એ નિયમ અનુસાર થવું જોઈએ કે તે બધું માત્ર જીવવા માટે છે અને જીવતા રહેવાનો મારો એક જ ઉદ્દેશ્ય હોવો જોઈએ કે હું મારા આ માનવીય સ્તરને વિકસાવીને એ સ્તરે લઈ જઉં કે જેને દિવ્ય સ્તર કહે છે. આ અતિ આવશ્યક છે, મારાં પ્રિય ભાઈઓ અને બહેનો, આપણે આ બધું અપનાવીએ, આપણામાં એ ડહાપણ વિકસાવીએ કે આધ્યાત્મિક જીવન માટે સાદું જીવન, સરળ જીવન જ આવશ્યક છે. એશ-આરામ આ બધાની વિરૂધ્ધમાં છે.

આ આખું વકતવ્ય સાંભળવા માટે નીચેની લિન્ક પર કલીક કરવું:
http://www.sahajmarg.org/literature/speeches/change-of-satsangh-timings

## પૂ.માસ્ટરનો પ્રવાસ

### અમદાવાદ

૨૫મી એપ્રિલે પૂ.માસ્ટરે અમદાવાદની મુલાકાત લીધી હતી. તા.૨૬મીએ, જ્યારે માસ્ટરે સત્સંગ કરાવ્યો, ત્યારે લાગ્યું કે સમય જાણે થોભી ગયો. ત્યાર પછી, તેમણે તેમની કોટેજનું ઉદઘાટન કર્યું હતું. કોટેજનું બંધારણ સુંદર અને સુસંબધ્ધ છે. તેનો દેખાવ પરંપરાગત છે. નળિયાવાળી છત છે અને કોટેજની મધ્યમાં ખુલ્લી જગ્યા છે. એક જગ્યાએ વચ્ચેનાં દરવાજાંઓ ભેગાં કરીને ખોલવાથી વિશાળ વરંડો થઈ શકે તેવો મોટો બેઠકરૂમ છે. જેવી સાંજ ઢળી કે પૂ.માસ્ટર ચાલવા માટે બહાર આવ્યા હતા. બધાંની સાથે પ્રેમથી વાતો કરતા કરતા, લાઈનમાં ઊભેલા દરેકે દરેક અભ્યાસીઓને તેઓ મળ્યા હતા.


### વડોદરા

પૂ.બાબુજી મહારાજની ૧૧૧મી જન્મજયંતિના ઉત્સવમાં ભાગ માટે માસ્ટર ૨૮મી એપ્રિલે વડોદરા પહોંચ્યા. ખરેખર, આ એક વિશેષ ઘટના હતી. આવું પહેલી જ વાર બન્યું હતું કે જેમાં એક જ રાજ્ય પૂરતો એક એવો અનુકરણીય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો કે જેમાં પૂ.માસ્ટરની હાજરી હોય, જેમાં અભ્યાસીઓ ઓછી સંખ્યામાં હોય અને તેથી દરેકને માસ્ટર સાથે પારસ્પરિક રીતે મળવાની તક વધારે રહે. આ કાર્યક્રમનો હેતુ રાજ્યની આધ્યાત્મિક ઉન્નતિ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો હતો.

### જયપુર

૧૪મી મેના દિવસે માસ્ટર જયપુર આવી પહોંચ્યા હતા. એરપોર્ટ પર તેમનું સ્વાગત કરવા માટે અભ્યાસીઓ મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. સાંજે, તેઓ બહાર આવ્યા હતા અને હાજર રહેલા અભ્યાસીઓને તેમણે સીટીંગ આપી હતી. બીજે દિવસે સવારે, તેઓ આશ્રમ પર ગયા હતા અને સવારનો સત્સંગ કરાવ્યો હતો. સાંજે માસ્ટર ફરીથી આશ્રમ પર આવ્યા હતા અને અભ્યાસીઓ સાથે વાતો કરતા, કોટેજમાં જ રહ્યા હતા.

૧૬મી મેના રોજ માસ્ટર તેમના કાર્યમાં કાર્યરત હતા. સાંજે, હોટેલ જયપુર પેલેસ ખાતે રાખવામાં આવેલા પ્રિફેક્ટસ ટ્રેનીંગ પ્રોગ્રામ (૬ઠ્ઠો)માં હાજર રહ્યા હતા અને તેમાં પ્રશિક્ષકોને સંબોધ્યા હતા અને સત્સંગ કરાવ્યો હતો. રાજસ્થાન અને આસપાસનાં રાજ્યોમાંથી લગભગ ૮૩ પ્રશિક્ષકોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. ૧૭મી મેના રોજ માસ્ટરે આશ્રમમાં સવારનો સત્સંગ કરાવ્યો હતો. એમાં લગભગ ૧૮૦૦ અભ્યાસીઓ ભેગા થયા હતા. સત્સંગ પછી, તેમણે ઝોનલ આશ્રમનો શિલાન્યાસ કર્યો હતો અને સાંજના સત્સંગ પછી તેમણે સ્થાનિક અભ્યાસીઓએ વગાડેલા વાયોલીન અને સિતારવાદનને સાંભળ્યું હતું. ત્યાર પછી તેઓ કોટેજમાં ગયા હતા અને સ્વયંસેવકોને મળ્યા હતા અને અભ્યાસીઓ સાથે સાંજનું ભોજન લીધું હતું. બાળકોએ થોડાં નાટક ભજવ્યાં હતાં, ત્યારે વાતાવરણ દિવ્ય-પ્રેમમય બની ગયું હતું.



### દિલ્હી

૧૮મી મેના રોજ, પૂ.માસ્ટર રોડ માર્ગે દિલ્હી જવા રવાના થયા હતા અને બપોરે ત્યાંના ઝોનલ આશ્રમમાં પહોંચ્યા હતા. માસ્ટર ઘણા જ આનંદમાં જણાતા હતા. એક અભ્યાસીએ કોટેજમાં રહેવાની પરવાનગી માગી ત્યારે તેમણે કહ્યું, "હું પરવાનગી ન આપી શકું, પરવાનગી આપવાનો અધિકાર સ્થાનિક કાર્યકર્તાઓને છે. હું પણ એમની પરવાનગીથી જ દાખલ થયો છું." તેમણે એમ પણ કહ્યું હતું, "આ જૂનું રમચંદ્ર મિશન નથી કે જેમાં કોઈ ભલામણ કરે અને તમે દાખલ થઈ જઈ શકો."



માસ્ટરે સવારે ૬ વાગે સત્સંગ કરાવ્યો હતો. ૧૦૦૦થી વધારે અભ્યાસીઓ સત્સંગમાં હાજર રહ્યા હતા. માસ્ટર બધાં અભ્યાસીઓ સાથે બાગમાં બેઠા હતા; ત્યારે વાતાવરણમાં સંપૂર્ણપણે શાંતિ છવાયેલી હતી, જેવું વર્ણન શબ્દોમાં થઈ શકે તેમ નથી. જ્યારે માસ્ટરે કોટેજમાં જવાનું શરૂ કર્યું, ત્યારે એક નાની છોકરીએ કહ્યું હતું કે તેને જે કોર્સમાં એડમિશન જોઈએ છે, તેમાં મળતું નથી. ત્યારે માસ્ટરે કહ્યું, "બીજો રસ્તો અપનાવો. બાબુજી મહારાજ હંમેશાં કહેતા હતા કે કુદરત જ્યારે એક દરવાજો બંધ કરે છે, ત્યારે બીજો દરવાજો ખોલી નાખે છે." સાંજના ભોજન પછી, માસ્ટર ભાઈ સુધીરના ઘેર જવા રવાના થયા હતા.

## અંબાલા



૨૨મી મેના રોજ, માસ્ટર લગભગ ૧૨–૩૦ વાગે અંબાલા આવી પહોંચ્યા હતા. સાંજે થોડો આરામ કર્યા પછી, માસ્ટરે આશ્રમની જમીનની મુલાકાત લીધી હતી. આ જગ્યા જોઈને તેઓ ઘણા ખુશ થઈ ગયા હતા અને ત્યાં કરવામાં આવેલા કામની તેમણે કદર પણ કરી હતી. ૨૩મી મેના રોજ, આશ્રમ પર માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો, જેમાં પંજાબ અને હરિયાણાના ૪૦૦ અભ્યાસીઓ હાજર રહ્યા હતા. માસ્ટરની હાજરીથી બધા જ અભ્યાસીઓ આનંદ અને હર્ષથી તરબોળ થઈ ગયા હતા. થોડો આરામ કર્યા પછી, એ જ દિવસે, લગભગ ૧૨.૩૦ વાગે માસ્ટર લુધિયાણા જવા રવાના થયા હતા.

## લુધિયાણા

થોડો આરામ કર્યા પછી માસ્ટરે લાલટોકલાન ખાતે લુધિયાણા આશ્રમની મુલાકાત લીધી હતી. માસ્ટર તેમના મૂળ સ્વભાવ પ્રમાણે અભ્યાસીઓ સાથે મજાક કરી રહ્યા હતા. આશ્રમ માટે બનાવેલો પ્લાન પણ તેમણે જોયો હતો અને થોડાં સૂચનો કર્યાં હતાં. બીજે દિવસે સવારે, આશ્રમ માટેના સ્થળ પર તેમણે ભૂમિપૂજા કરી હતી અને દૂર દૂરથી આવેલાં અભ્યાસીઓને હિંદીમાં સંબોધ્યા હતા. તેમણે અભ્યાસીઓને હૃદયથી વિચાર કરવા માટે અને હૃદય મારફતે વ્યક્તિને ઓળખવા માટેની આગ્રહપૂર્વક સલાહ આપી હતી. હૃદયને જ ઈશ્વર સાથે સરખાવીને તેમણે કહ્યું હતું કે બે હૃદયોને જોડવાં, એ ઈશ્વર સાથે ઐક્ય સ્થાપવા બરાબર છે. તેમણે 'અભ્યાસ'ના સદ્ગુણ પર ભાર મૂક્યો હતો. એક્તા અને ભાઈચારા માટે પણ એમણે કહ્યું હતું. પંજાબ માટે પોતાને ખાસ પ્રેમ હોવાનું તેમણે જણાવ્યું હતું અને કહ્યું હતું કે તેમને સદ્ગુણના માર્ગે વાળવા માટે એક શીખ મિત્ર સહાયક બન્યો હતો. પંજાબે વિશ્વમાં તેનું આગવું સ્થાન ઊભું કર્યું છે, જે ભારતની એકરૂપતા છે.' તેમણે કહ્યું હતું કે લુધિયાણા સેન્ટર 'સર્વધર્મ સમભાવ' મુદ્રાલેખનો સેવાકાર્યમાં ઉપયોગ કરશે એવી આશા છે. થોડીવાર આરામ કર્યા પછી, તેઓ બીજા મુકામે, જલંધર, જવા રવાના થયા હતા.

## જલંધર



માસ્ટર તા.૨૪મીના રોજ જલંધર પહોંચ્યા હતા. ત્યાં લગભગ ૧૦૦ અભ્યાસીઓ ભેગા થયા હતા. ભેગા થયેલાં બધાંને માસ્ટરે સીટીંગ આપી હતી. વિએના ખાતે ધાર્મિક સંપ્રદાયના ધર્મોપદેશકની થયેલી હત્યાના પગલે જલંધર શહેરમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો. આખા શહેરમાં લદાયેલા કર્ફ્યુથી સેન્ટર–ઈન–ચાર્જ બહેન સ્વર્ચા મહેરા સહિત ૧૨૦ અભ્યાસીઓ આશ્રમમાંથી બહાર આવી શક્યા નહતા. બાજુના ખૈર માજરા ગામના રહેવાસીઓએ અભ્યાસીઓને મદદ કરી હતી અને ત્રણ દિવસ સુધી તેમને ખાવા–પીવાનું પુરું પાડ્યું હતું. ૨૭મી મેના રોજ સેન્ટર–ઈન–ચાર્જના નિવાસસ્થાને માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો, જ્યાં રવિવારનો સત્સંગ નિયમિતપણે થતો હોય છે. ૨૮મી મેના દિવસે, કર્ફ્યુ થોડા કલાકો પૂરતો હળવો થતાં, માસ્ટરે તેમની પાલમપુરની મુલાકાત રદ કરી અને તેઓ ચંદીગઢ જવા રવાના થયા હતા.





## ચંદીગઢ

સાંજે લગભગ પાંચ વાગે, પંચકુલા ખાતે હાજર રહેલા બધાં જ અભ્યાસીઓને માસ્ટરે સીટીંગ આપી હતી. બીજા દિવસની સવારે, ૨૯મી મેના દિવસે, તેઓ પંચકુલા, સેક્ટર–૫માં આવેલા ઈન્દ્રપ્રસ્થ ઓડીટોરિયમમાં પહોંચ્યા હતા. ત્યાં તેમણે સત્સંગ રાખ્યો હતો. ત્યાર પછી તેઓ મિશનના કામકાજ માટે ગયા હતા. ૩૦મી મેના દિવસે, લગભગ ૭.૩૦ વાગે માસ્ટર દિલ્હી જવા રવાના થયા હતા. ભાઈ એન.પ્રકાશે પ્રશિક્ષકોના તાલીમ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું, જે બધાં જ પ્રશિક્ષકો માટે અત્યંત શિક્ષણાત્મક રહ્યું હતું.

## દિલ્હી

માસ્ટર ૩૦મીએ દિલ્હી પહોંચી ગયા હતા. ૩૧મીએ સવારે ૭.૧૫ વાગે, સત્સંગ કરાવવા માટે તેઓ ઝોનલ આશ્રમ પર આવ્યા હતા. ધોધમાર વરસાદ હોવા છતાં, ૨૫૦૦ થી વધારે અભ્યાસીઓ સત્સંગમાં હાજર રહ્યા હતા. ગાઝિયાબાદ જેવા ઘણે દૂરથી આવતા અભ્યાસીઓ પણ સમયસર આવી ગયા હતા. સત્સંગ પછી, પૂ.માસ્ટરે ૪૫ મિનિટ સુધી વક્તવ્ય આપ્યું હતું. માસ્ટરે કહ્યું હતું કે સવારે ૭.૩૦ વાગે આટલા બધા અભ્યાસીઓને હાજર જોઈને તેઓ ઘણા જ ખુશ થયા હતા અને તેથી તેઓ બોલવા માટે ઉત્સાહિત થયા હતા. તેમણે અભ્યાસીઓની સંખ્યા કરતાં, અભ્યાસીઓની ગુણવત્તા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે સત્સંગ પહેલાં, સત્સંગ દરમિયાન અને સત્સંગ પછી, અભ્યાસીઓની અંદર ઉત્કટતાની કમી દેખાય છે. ૧૯૭૫માં, તેઓ જ્યારે મુસાફરી કરતા હતા, ત્યારે તેઓ સતત સ્મરણમાં જ રહેતા હતા અને તેઓ ત્યાં પહોંચે ત્યાં સુધીમાં તો તેમને એવું લાગતું કે તેમનાં હૃદય જાણે ફાટી જશે. માસ્ટરે કહ્યું હતું કે આપણે સૌ 'તેના' બાળકો છીએ અને તેથી તેઓ આપણી સાથે 'તેમના' વિચારો જણાવતા હતા.



"સત્તાવાર રીતે, હું આજથી જ કેટલાંક ફેરફારો લાવી રહ્યો છું. આપણે ગમે ત્યાં હોઈએ, હિમાલયમાં હોઈએ કે અમેરિકામાં હોઈએ કે પછી કોઈ રણમાં હોઈએ, રવિવારનો સત્સંગ અચૂક સવારના ૭.૩૦ વાગે થશે. સત્સંગ પહેલાં નાસ્તો, ચા કે બીજું કંઈ પણ આપવામાં નહીં આવે. બ્રેકફાસ્ટ અને લંચની વચ્ચે જેને 'બ્રંચ' કહે છે, તે આપવામાં આવશે. બ્રંચમાં પણ મર્યાદિત માત્રામાં જ ખોરાક આપવામાં આવશે અને તે બીજીવાર આપવામાં નહીં આવે – કારણ કે આશ્રમમાં તમારો રહેવાનો હેતુ, શરીર અને આત્માને એકત્ર રાખવાનો છે, કે જેથી આત્મા ઉન્નતિ કરી શકે; શરીરનું તો કંઈ પણ થઈ શકે છે. અમે અહીં તમને જમાડવા માટે નથી. અમે અહીં તમારા હૃદયની ચેતનાને જાગ્રત કરવા માટે છીએ કે જે તમે તમારા પોતાના જ પ્રયાસથી, દસ નિયમોનું અનુસરણ કરીને કરી શકો તેમ છો."

આ આખું વક્તવ્ય સાંભળવા માટે આ લિન્ક પર ક્લીક કરવું: **http://www.sahajmarg.org/literature/speeches/change-of-satsangh-timings**

## રૂદ્રપુર, નૌકુચિયાટલ અને સતખોલ

બપોરના ભોજન પછી માસ્ટર ભાઈ સુધીરના ઘેર જવા રવાના થયા હતા. તેઓ ૨જી જૂને સાંજે ૬ વાગે રૂદ્રપુર આવ્યા હતા અને તરત જ સત્સંગ કરાવ્યો હતો. ત્રીજી તારીખે તેમણે સવારનો સત્સંગ ૭.૩૦ વાગે તેમની કોટેજમાં કરાવ્યો હતો અને મોટાભાગનો સમય તેમણે કોમ્પ્યુટર પર કામ કરવામાં ગાળ્યો હતો. સવારે, થોડીવાર માટે તેઓ આંબા નીચે બેઠા હતા. માસ્ટરે સાંજનો સત્સંગ ૬ વાગે કરાવ્યો હતો. કોમ્પ્યુટર પર તેમનું કાર્ય સમયસર પૂરું કર્યા પછી અને સત્સંગ પહેલાં, માસ્ટરે કહ્યું હતું, "જો તમે કામની અવગણના નહીં કરો, તો કામ તમારી અવગણના નહીં કરે." માસ્ટરે ૪થી જૂને સવારનો સત્સંગ ૭.૩૦ વાગે કરાવ્યો હતો. અને બ્રંચ પછી, તેઓ રૂદ્રપુરથી મુસાફરી કરીને બપોરે નૌકુચિયાટાલ પહોંચી ગયા હતા, જ્યાં પહોંચીને તેમણે સત્સંગ કરાવ્યો હતો. તે પછી, તેમણે કોમ્પ્યુટર પર કામ કર્યા બાદ ૪ વાગે ફરીથી સત્સંગ કરાવ્યો હતો.

બીજે દિવસે સવારે, સવારનો સત્સંગ કરાવ્યા પછી, તેઓ ઘણા ખુશમિજાજમાં હતા અને નૌકુચિયાટાલમાં એક દિવસનું રોકાણ લંબાવ્યું હતું. બપોરની ચા માટે માસ્ટરે ભાઈ બત્રાના ઘરની મુલાકાત લીધી હતી અને હોટલ પર પાછા વળતાં, તેમણે ભાઈ અદિત દવેના ઘરની મુલાકાત લઈને સૌને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. યાદગીરીરૂપે, હોટલના મેનેજરની વિનંતીથી, વર્લ્ડ એન્વાયરમેન્ટલ ડે નિમિત્તે તેમણે એક વૃક્ષ વાવ્યું હતું. પૂ.માસ્ટરે તેમનો આભાર માનીને કહ્યું હતું કે તેમની સાથે સંપર્કમાં આવવાથી તેમને આનંદ થયો છે.

બીજે દિવસે સવારે, ૭.૩૦ વાગે તેમણે સત્સંગ કરાવ્યો હતો અને કહ્યું હતું કે જ્યારે તેમણે પડદા ખોલીને, આગલી રાતે થયેલા ગાજવીજ સાથેના વરસાદનું દૃશ્ય જોયું, ત્યારે તેઓ આનંદિત થયા હતા. સવાર ખુશનૂમા હતી અને માસ્ટર થોડીવાર માટે બાલ્કનીમાં બેઠા હતા. પછી તેઓ સતખોલ જવા નીકળ્યા અને ૧૧ વાગે ત્યાં આવી પહોંચ્યા હતા. બહાર અભ્યાસીઓ સાથે થોડો સમય ગાળ્યા પછી, કોમ્પ્યુટર પર તેમનું કાર્ય કરવા માસ્ટર પાછા અંદર ગયા હતા.


*Satkhol*

૭મી એ ભાઈ અજય ભટ્ટરે સતખોલ આશ્રમ ખાતેની નવી કેન્ટીનનું ઉદ્ઘાટન કર્યું હતું. આશ્રમ પર થોડા મુલાકાતીઓ આવ્યા હતા. તેઓ માસ્ટરને પ્રણામ કહેવા ઈચ્છતા હતા. માસ્ટરે તેમને અંદર બોલાવ્યા હતા. તેમના એકબીજાને મળવાના દ્રશ્ય જોવાનો લહાવો અદભુત હતો. માસ્ટરે પોતાની રૂમમાં તેમનું આતિથ્ય કર્યું હતું અને બધાંને 'વેલકમ ટુ સહજ માર્ગ' અને 'રીયાલીટી એટ ડોન'નું પુસ્તક આપ્યું હતું.

૮મીએ પૂ.માસ્ટરે બધાં જ પ્રશિક્ષકોને સીટીંગ આપીને વકતવ્ય આપ્યું હતું અને પ્રિફેક્ટ સેમિનારની શરૂઆત કરી હતી. ભાગ લેનારા સૌએ માસ્ટર સાથે ફોટો પડાવ્યા પછી સેમિનાર સંપૂર્ણ થયો હતો.

માસ્ટર દહેરાદૂનથી આવેલી ટીમને મળ્યા હતા. તેઓ લગભગ એક મહિનાથી ગરવાલ – હિમાલયમાં મુસાફરી કરી રહ્યા હતા. આ ટીમે સફળતાપૂર્વક તે પ્રદેશમાં સૌથી વધારે અભ્યાસીઓ બનાવ્યા હતા કે જ્યાં હજી સુધી સહજ માર્ગનું અસ્તિત્વ પણ નહોતું. આ પ્રદેશમાં થયેલાં આવા


*Rudrapur*


*Shahjahanpur*


*Fatehgarh*


*Kanpur*

પ્રયત્નોથી માસ્ટર ખુશ હતા.

પૂ.માસ્ટરે ૧૦મીએ સવારનો સત્સંગ કરાવ્યો હતો. તેઓ દરેકે દરેક જણને મળ્યા હતા. મુલાકાતીઓ અને અભ્યાસીઓ માટે તેમણે તેમના આરામને બાજુએ મૂકી દીધો હતો. બાબુજી નિલયમમાં તેમણે બધાં સાથે બપોરની ચા લીધી હતી. તે પછી માસ્ટર ૧૧મીએ રૂદ્રપુર જવા નીકળ્યા હતા. માર્ગમાં હલદવાની સેન્ટરના મેડિટેશન હોલ માટે સૂચવવામાં આવેલી જમીનનું તેમણે નિરીક્ષણ કર્યું હતું. બધાની સાથે ખુલ્લામાં માસ્ટરે સાંજનું ભોજન લીધું હતું.

૧૩મીએ સવારનો સત્સંગ કરાવ્યા પછી, ૯ વાગે, રોડ માર્ગે તેઓ શાહજહાનપુર જવા નીકળ્યા હતા. વચમાં ચા માટે થોડો સમય બરેલી પર રોકાઈને, લગભગ ૧ વાગે શાહજહાનપુર પહોંચ્યા હતા. ત્યાં પૂ.માસ્ટરે સાંજનો અને બીજા દિવસે સવારનો સત્સંગ કરાવ્યો હતો. સ્થાનિય સેન્ટરોમાંથી આવેલા અભ્યાસીઓને મળવામાં તેઓ આખો દિવસ પ્રવૃત્ત રહ્યા હતા. તે દિવસે સાંજનો સત્સંગ પૂ.માસ્ટરે કરાવ્યો હતો અને રાત્રિ ભોજન લીધા પછી, ભાઈ ગોપાલ અગ્રવાલના ઘેર રાત્રિ રોકાણ માટે ગયા હતા.


૧૫મીએ સવારે ૮ વાગે તેઓ ફતેહગઢ જવા રવાના થયા હતા. પાંચ વાગે નવી લીધેલી ૬ એકરની જમીન ખાતે પૂ.માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો. તે જમીન લાલાજી મેમોરિયલ આશ્રમ બાંધવા માટે ખરીદવામાં આવી છે. પછી તેઓ કાનપુર જવા માટે તા.૧૬મીએ ૭.૪૫ વાગે રવાના થયા હતા.

શ્રી રામચંદ્ર મિશન
# એકોઝ ઈન્ડીયા
મુખ્યમથકનાં સમાચાર

જુલાઈ ૨૦૦૯ | માત્ર અંગત પ્રકાશન માટે | વર્ષ ૨ અંક ૪

## નવાં પ્રકાશનો

### ૩૦મી એપ્રિલે અનાવરણ થયેલી ડીવીડી




એપ્રીસીએટીંગ ઈન યોર સેલ્ફ વોટ સહજ માર્ગ ઈઝ – બેંગલોરમાં દ્વિતીય ફ્રેસ્ટ ટ્રેનીંગ પ્રોગ્રામનું સંચાલન કરવાના પ્રસંગે ડિસેમ્બર ૨૦૦૬માં ફ્રેસ્ટ ખાતે પૂ.માસ્ટરે કરેલા સ્વાગત સંબોધન અને અંતિમ વક્તવ્યનો સમાવેશ છે.




બી વીથ હીમ

આ ડી.વી.ડીમાં પૂ.માસ્ટરે ૨૦૦૮માં રશિયામાં કરેલા પ્રવાસ દરમિયાન આપેલાં બે વક્તવ્યો છે. જેનું શીર્ષક છે, 'એક્સેપ્ટ સફરીંગ' અને 'બી વીથ હીમ'.




વીઝન એન્ડ એક્સપ્રેશન

૨૦૦૬માં ફ્રેસ્ટ ટ્રેનીંગ કાર્યક્રમ દરમિયાન, ચર્ચાના કર્યક્રમ પછી જે વિષયોની ચર્ચા પૂ.માસ્ટરે કરી હતી, તે 'વીઝન એન્ડ એક્સપીરીયન્સીસ'.

સ્ત્રીઓની ભૂમિકા અને પ્રેમ પરનું વક્તવ્ય, "વુમન મસ્ટ ઈવોક લવ."




લવ ઈઝ ગોડ

૨૦૦૬માં ઝેક રીપબ્લીકના પ્રાગમાં આપેલું વક્તવ્ય – 'લવ ઈઝ ગોડ'

'એમ્બ્રેસ સ્પીરીટ્યુઆલીટી ટોટલી' – ૨૦૦૮માં યુએસએ ના કલીવલેન્ડમાં બાબુજી મહારાજની જન્મજયંતિ પ્રસંગે આપેલો, પહેલેથી રેકોર્ડ કરેલો પૂ.માસ્ટરનો સંદેશ.




ફુલફીલીંગ નેચર્ઝ પરપઝ

'ફુલફીલીંગ નેચર્સ પરપઝ'– ૨૦૦૭માં તિરૂપુર ખાતે બસંતોત્સવ વખતે આપેલો સંદેશ.

૨૩મી જુલાઈ ૨૦૦૭માં પૂ.માસ્ટરની વર્ષગાંઠની પૂર્વ સંધ્યાએ આપેલો સંદેશ 'સહજ માર્ગ ઈઝ ધ વોટર ઓફ લાઈફ.

### ઓડિયો સીડી



હી,ધ, હુક્કા એન્ડ આઈ – ધ હબલ બબલ

૨૦૦૮માં પ્રસ્તુત કરેલી એમપી૩ સીડી, જેમાં ૫ ઓડિયો ટ્રેકસનો સમાવેશ છે.

## જાહેર નિવેદનો

### સતખોલ માટે અરજીપત્રો

૨૦૦૯ની વિન્ટર બેચો (૨૭૨–૨૮૧) માટે ઓન લાઈન અરજી પત્રો હવે ઓન લાઈન ઉપલબ્ધ છે.

http://www.srcm.info/satkhol/satkhol_home.htm

ઉપરોક્ત જણાવેલી બેચો સિવાયની બેચો માટે અરજી કરવાનું શક્ય નથી. વહેલા તે પહેલાના ધોરણે અરજીઓ આગળ વધારવામાં આવશે.

અરજીપત્ર ભરતાં પહેલાં કૃપા કરીને સૂચનાઓ કાળજીપૂર્વક વાંચી લેશો.

જેમની પાસે ઈન્ટરનેટની સગવડ ન હોય, તેઓ મદદ માટે એમના પ્રિસેપ્ટરનો સંપર્ક સાધી શકે છે. સતખોલની એડમીનીસ્ટ્રેશન ઓફિસ ઉપર પણ તમે સંપર્ક સાધી શકો છો, જેનો નંબર છે: ૦૪૪૨૨૫૨૧૦૯૯ અથવા ૦૪૪૪૨૧૭૧૧૧૧ એક્સટેન્શન –૨૧૮, સવારે ૧૦ થી ૧૨ અથવા ૩ થી ૪.૩૦ ની વચ્ચે.

### પૂ.માસ્ટરનો જન્મોત્સવ – જુલાઈ ૨૪, ૨૦૦૯


ડીજે પાર્ક ખાતે, પૂ.માસ્ટરના ૮૩મા જન્મોત્સવની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. વિવિધ સેન્ટરોમાંથી સપ્તાહના અંતે આવનારા સ્વયંસેવકો કાર્યમાં મદદ કરી રહ્યા છે.

સપ્તાહ દરમિયાન કામ કરી શકે તેવા વધારે સ્વયંસેવકોની જરૂર છે. જે લોકો આવી શકે અને કામ કરી શકે તેમ હોય, તેમણે ભાઈ એમ.એમ.ધનમૂર્તિને સંપર્ક કરી, પોતાના પ્રસ્થાન વિશે માહિતી આપવા વિનંતી. ફોન નંબર અને ઈમેલ:

094875 64808 petalbloom@vsnl.net



### પુસ્તકો




રોલ ઓફ ધ માસ્ટર ઈન હ્યુમન ઈવોલ્યુશન (હિંદી)

'રોલ ઓફ ધ માસ્ટર ઈન હ્યુમન ઈવોલ્યુશન'માં જૂન ૨૮થી ૧૩ જુલાઈ ૧૯૮૯ દરમિયાન યુરોપમાં (વોરાઉફ, મ્યુનિક, પેરિસ અને માર્સેલ્સ) યોજાયેલા સહજ માર્ગ સેમિનારોમાંના વક્તવ્યો છે.




વ્હિસ્પર્સ ઓફ ધ બ્રાઈટર વર્લ્ડ – એ સેકન્ડ રિવીલેશન


આ પુસ્તક એક સવિશેષ કૃતિ છે, તેને લેધરના પૂંઠામાં બાંધવામાં આવ્યું છે અને ઉત્તમ પ્રકારના કાગળ પર તેને છાપવામાં આવ્યું છે. તેનું વિમોચન ૩૦મી એપ્રિલે વડોદરા ખાતે થયું હતું. આ પુસ્તકમાં પૂ.બાબુજીએ એક મિડિયમ દ્વારા આપેલા સંદેશાઓનું સંકલન છે.

શ્રી રામચંદ્ર મિશન
# એકોઝ ઈન્ડીયા
જુલાઈ ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૪

## પૂ.બાબુજી મહારાજ જન્મજયંતિની ઉજવણીઓ







તા.૨૮મી એપ્રિલના રોજ પૂ.માસ્ટર વડોદરા (ગુજરાત) ખાતે ઉજવણીમાં ભાગ લેવા આવી પહોંચ્યા. તા.૨૯મી એપ્રિલે ભાઈ કમલેશ પટેલે નવી એમપીઉ તથા ડીવીડીનું વિમોચન કર્યું અને ત્યારબાદ ભાઈ ગુરપ્રીતના ભજનોનો દોર ચાલ્યો. તા.૩૦ એપ્રિલના રોજ વાતાવરણ શાંત હતું અને ઉજવણીના સ્થળે ૨૮૦૦થી પણ વધારે મેડિટેશન હોલમાં ભેગાં થયાં હતાં. પૂ.માસ્ટરે સવારે ૬.૩૦ વાગે ધ્યાનની બેઠલ લીધી. બહેન ડાયેના વેકોટે 'વ્હિસ્પર્સ ઓફ ધ બ્રાઈટર વર્લ્ડ'ની બીજી આવૃત્તિનું વિમોચન ક્ર્યું હતું.તેમણે તેમના લાગણીસભર વક્તવ્યમાં વ્હિસ્પર્સની પ્રથમ આવૃત્તિ વખતના પોતાના વક્તવ્ય વિશે વાત કરી હતી. ત્યાર બાદ પૂ.માસ્ટરે ૮ લગ્નો કરાવ્યા, અને તેના પછી બહેન રંજના મહેતાએ પૂ.માસ્ટરની વિશેષ પસંદગીના બે ભજનો રજૂ કર્યાં. આ ખાસ પ્રસંગની સ્મૃતિરૂપે પૂ.બાબુજી મહારાજની વિરલ તસવીરોનું પ્રદર્શન યોજાયું હતું. દિવસના અંતે હૈદરાબાદની બહેન કે.સૌમ્યાએ મંત્રમુગ્ધ કરી દેતું નૃત્ય રજૂ કર્યું હતું.

તા.૧લી મે એ ભાઈ પી.આર.ક્રિષ્નાએ 'પૂ.માસ્ટરનું આંતરિકીકરણ કેવી રીતે કરવું' તે વિષય પર વક્તવ્ય આપ્યું. તેમણે હૃદયને 'આપણી અંદર છુપાયેલી અંધારી કોટડી' ગણાવ્યું અને કહ્યું કે આ હૃદય આપણા માસ્ટર જેવી ભવ્ય વ્યક્તિને સ્વીકારવા માટે યોગ્ય નથી. પૂ.માસ્ટર જે સરખામણીનો વારંવાર ઉપયોગ કરે છે તે વિશે જણાવતાં તેમણે કહ્યું કે અંધકારને હટાવવા માટે એકમાત્ર માર્ગ મીણબત્તી સળગાવવાનો છે. તેમણે અભ્યાસીઓને પૂ.માલિક જેવાં બનવા અપીલ કરી અને 'તેમણે' શરૂ કરેલા કાર્યમાં ભાગ લેવા તથા તેમની પ્રાણાહુતિને મેળવવામાં તેમને સહકાર આપવા વિનંતી કરી. તા.૪થી મેના રોજ પૂ.માસ્ટર ચેન્નાઈ જવા રવાના થયા હતા.

સમગ્ર દેશમાં પૂ.બાબુજીની જન્મજયંતિ તમામ કેન્દ્રોમાં ઉજવવામાં આવી.

લખનૌ કેન્દ્રએ ૨૯-૩૦ એપ્રિલથી ૧લી મે સુધીનો ત્રણ દિવસનો કાર્યક્રમ રાખ્યો હતો, જેમાં ૫૦૦થી પણ વધુ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. તેમાં સવાર-સાંજના સત્સંગ, પૂ.માસ્ટરના વાર્તાલાપો અને મિશનના સાહિત્યવાંચનનો સમાવેશ થયો હતો.

ઉત્તર પ્રદેશના બાલીચા કેન્દ્ર ખાતે તા.૩૦મી એપ્રિલના રોજ આખા દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં સવારના સત્સંગ પછી ભજનો ગવાયાં હતાં તેમજ પૂ.માસ્ટરના સાહિત્યનું વાંચન પણ થયું હતું.

જોધપુર (રાજસ્થાન) – આ કેન્દ્રમાં સમગ્ર દિવસના કાર્યક્રમમાં લગભગ ૩૦૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. કેન્દ્રએ બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું. અભ્યાસીઓએ પણ પૂ.બાબુજી તથા પૂ.માસ્ટરની પ્રથમ મુલાકાતના અનુભવ પર આધારિત એક નાની નાટિકા ભજવી હતી.

ઓરિસ્સાના વિવિધ કેન્દ્રોમાં ઉજવણીના કાર્યક્રમો યોજાયા. ઝોન-ઈન-ચાર્જએ રૂરકેલા કેન્દ્રના આખા દિવસના કાર્યક્રમમાં ભાગ લીધો તથા પૂ.માસ્ટરના તાજેતરના પ્રવચનો વિશે અભ્યાસીઓને માહિતી આપી.

નવી દિલ્હી કેન્દ્રએ આખા દિવસનો કાર્યક્રમ યોજ્યો, જેને ત્રણ ભાગમાં વહેંચી દીધો હતો. પ્રથમ ભાગમાં પૂ.બાબુજીના પ્રવચનોનું વાંચન હતું. બીજા ભાગમાં પૂ.બાબુજીની વિડિયો ફિલ્મ દર્શાવવામાં આવી હતી અને છેલ્લા વિભાગમાં બાળકોનો કાર્યક્રમ રજૂ થયો હતો.

હૈદ્રાબાદ તથા આસપાસના કેન્દ્રોના આશરે ૨૦૦૦ અભ્યાસીઓએ કુમકુંટા, હૈદ્રાબાદના ઝોનલ આશ્રમના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આખા દિવસની પ્રવૃત્તિનો વિષય હતો, 'પૂ.માલિકે મને પૂ.બાબુજી મહારાજ વિશે શું શીખવ્યું?' કાર્યક્રમમાં વિડિયો ફિલ્મની રજૂઆત થઈ હતી તથા જૂથ ચર્ચા પણ થઈ હતી. દરેક અભ્યાસી સતત સ્મરણમાં રહી શકે તેવી આ તકનો સારો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

તિરૂપુર સેન્ટરે આખા દિવસના કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેમાં જૂના અભ્યાસીઓએ તેમનાં અનુભવો જણાવ્યાં હતાં. પૂ.બાબુજી મહારાજના જીવન પર એક સ્લાઈડ-શો પણ દર્શાવાયો હતો.

આંધ્ર પ્રદેશના અનીમેલા કેન્દ્રે પૂ.બાબુજીની ૧૧૧મી જન્મજયંતિની ઉજવણી સત્સંગથી શરૂ કરી. આસપાસના કેન્દ્રોના ઘણાં અભ્યાસીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો, જેમાં 'પૂ.માસ્ટર પ્રત્યે અનંત પ્રેમનો વિકાસ કેવી રીતે કરવો' એ વિષય પર પારસ્પરિક ચર્ચા-વિચારણા રાખવામાં આવી હતી.







શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા
પ્રાદેશિક પ્રવૃત્તિઓ
જુલાઈ ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૪

# તાલીમ કાર્યક્રમો અને વર્કશોપ

સંખ્યાબંધ કેન્દ્રોએ અભ્યાસીઓમાં સહજ માર્ગની સમજણ વધારવા માટે છેલ્લા ઘણાં મહિનાઓથી સત્રો અને વર્કશોપોનું આયોજન કર્યું હતું. આ સત્રો બધાંને એકતારે બાંધવામાં મદદ કરે છે તથા અભ્યાસીઓમાં ઉત્સાહ પ્રેરવાનું તેમજ મિશનની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું તથા સાધનામાં નિયમિત થવાનું પ્રેરકબળ પૂરું પાડે છે.

'આપણે અહીં શા માટે છીએ?" આ યુવા તાલીમ કાર્યક્રમનો વિષય હતો, જે ૧૯મી એપ્રિલના રોજ જોધપુર કેન્દ્ર ખાતે યોજવામાં આવ્યો હતો. તેમાં લગભગ ૧૦૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. સમગ્ર તાલીમ કાર્યક્રમનું સંચાલન મિશનના જ ફેકલ્ટી સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં દ્રશ્ય–શ્રાવ્ય ટેકનીકો તથા તાલીમ સાહિત્યનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પછી 'હિમાલયનો પોકાર' અને 'સતખોલ' બંન્ને સીડી દર્શાવવામાં આવી હતી. એવું જણાયું હતું કે ભાગ લેનારાઓને આ કાર્યક્રમથી ઘણો જ લાભ થયો હોવો જોઈએ કારણ કે તેઓ બીજાંઓને સાધનાના મહત્ત્વ વિશે સમજાવતાં જોવા મળ્યા હતા.

ઈન્દોર કેન્દ્રે તા.૧૯મીના રોજ 'આઈડીયા સેલ્યુલર' ખાતે એક કાર્યક્રમ યોજ્યો હતો. કાર્યક્રમનો વિષય હતો, 'મનના નિયંત્રણ દ્વારા તાણનું સંચાલન કરવાની કળા'. ભાઈશ્રી મુંદ્રા, રેવતકર અને અગરવાલે શ્રોતાઓને સહજમાર્ગનો પરિચય કરાવ્યો હતો. જેમણે સાધનામાં રસ દર્શાવ્યો હતો, તેમને માટે પ્રાથમિક બેઠકોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

પટામ્બી (કેરાલા) ખાતે તા.૨૪ મી મેના રોજ આખા દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ભાઈ રવીન્દ્રનાથન (ડિરેક્ટર, માલમપુઝા રિટ્રીટ સેન્ટર) તથા ભાઈ મોહનદાસ (સેન્ટર–ઈન–ચાર્જ, પલક્કડ કેન્દ્ર) તેમાં હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સહજ માર્ગના કેટલાંક પાસાઓ પર ચર્ચા કરવામાં આવી તથા 'ગુરુ પ્રત્યે પ્રેમ' તથા 'આખરે પ્રેમનો ભક્તિમાં વિકાસ' એ વિષયો પર ભાર મૂકવામાં આવ્યો હતો.

મુંબઈ કેન્દ્રએ તા.૨૪ મેના રોજ નવા અભ્યાસીઓ માટે તાલીમ કાર્યક્રમ યોજ્યો હતો. વક્તાઓએ '૩ એમ' (માસ્ટર, મિશન, મેથડ), રોજિંદી સાધના તથા તેમના વ્યક્તિગત અનુભવો પર વાર્તાલાપો આપ્યા હતા. આ સત્ર ખૂબ જ અસરકારક રહ્યું, જેમાં નવા અભ્યાસીઓને જૂના અભ્યાસીઓના અનુભવો સાંભળવાનો લાભ મળ્યો. આના પહેલા હાજીઅલી ખાતે રહેતા એક અભ્યાસીના ઘરે પણ એક કાર્યક્રમનું આયોજન થયું હતું. તેમાં ૨૫ નવા જોડાયેલા અભ્યાસીઓએ ભાગ લીધો હતો.

આંધ્ર પ્રદેશ બેંકર્સ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ એન્ડ એન્ટ્રીપ્રીન્યુઅરશીપ ડેવલપમેન્ટ, હૈદ્રાબાદ દ્વારા તા.૩૦ મેના રોજ એક ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો વિષય હતો, "જીવનમાં નૈતિક મૂલ્યોનું મહત્ત્વ અને વધુ સારી રીતે જીવવા માટે ધ્યાનનું મહત્ત્વ." આ કાર્યક્રમનો ભાગ બનવા બદલ વક્તાઓ તથા તાલીમ લેનારાઓએ ખુશી વ્યક્ત કરી હતી.

દેવાસ (મધ્ય પ્રદેશ) કેન્દ્રમાં કાર્યક્રમનો વિષય હતો, 'ધ્યાન દ્વારા સ્વ–વિકાસ', જે તા.૧૨થી ૧૪ જૂન દરમિયાન યોજવામાં આવ્યો હતો. ૬૦ આકાંક્ષીઓએ તેમાં ભાગ લીધો હતો, જેમાં સરકારીઅધિકારીઓ તથા કંપનીઓના ઓફિસરોનો સમાવેશ થતો હતો. 'સહજ માર્ગ પધ્ધતિ દ્વારા ધ્યાન' વિષય પર પ્રવચન આપવામાં આવ્યું હતું તથા ભાગ લેનારાઓ માટેની બીજી પ્રારંભિક બેઠક બાદ એક ખાસ સાધના અભિમુખ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. છેલ્લા દિવસે જે ભાગ લેનારાઓએ તેમની પ્રારંભિક ત્રણ બેઠકો લીધી હતી, તેમના માટે સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ 'હી, ધ હુક્કા એન્ડ આઈ'ની શ્રેણીમાંથી 'સહિષ્ણુતા' વિષય પરની ડીવીડી દર્શાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હાજર રહેનાર સૌએ આ કાર્યક્રમને શીખવાના એક મહાન અનુભવ તરીકે વર્ણવ્યો હતો.

*Jodhpur*



*Hyderabad*



*Dewas*



## દક્ષિણ કર્ણાટકામાં નવું કેન્દ્ર

તાજેતરમાં દક્ષિણ કર્ણાટકામાં સી.એન.હલ્લી અને હુલીયર કેન્દ્રો વિકસ્યા છે. આની શરૂઆત એક યુગલે કરી હતી, જેમણે તિરૂપુર આશ્રમ પર ગયા બાદ, ત્યાં જ સત્સંગમાં હાજરી આપી હતી (જે લગભગ ૪૦ કિ.મી. દૂર હતું.) આ યુગલ ચેન્નાઈ ગયું હતું અને પૂ.માસ્ટરની હાજરીમાં થોડા દિવસ રહ્યું હતું. આ મુલાકાતે તેમનો સહજ માર્ગ વિશેનો દ્રષ્ટિકોણ બદલી નાખ્યો. તેમણે ખૂબ જ ટૂંક સમયમાં પોતાની બી.એડ. કોલેજમાં મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણનો કાર્યક્રમ ગોઠવ્યો, જેને વિદ્યાર્થીઓનો તેમજ પ્રાધ્યાપકોનો સારો આવકાર મળ્યો હતો. આ કાર્યક્રમને અંતે સહજ માર્ગની એક ઝલક પણ આપવામાં આવી હતી.

આને લીધે, એક સપ્તાહ બાદ, પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓને સહજ માર્ગ વિશે એક સંપૂર્ણ ઓપન હાઉસનો કાર્યક્રમ યોજવાનું પ્રોત્સાહન મળ્યું હતું. તેને ખૂબ જ પ્રતિસાદ મળ્યો અને લગભગ ૬૦ જેટલા લોકોએ સાધના શરૂ કરવામાં રસ દાખવ્યો હતો. તેમને ત્રણ પ્રારંભિક બેઠકો લેતાં પહેલાં મિશનનું સાહિત્ય વાંચવાની ભલામણ કરવામાં આવી હતી. ત્રણ સપ્તાહના વિરામ પછી ફરી પાછું એક અનુગામી સત્ર રાખવામાં આવ્યું હતું, જેનો હેતુ એ ખાતરી કરવાનો હતો કે તેઓ સાધના શરૂ કરવા માટે ખરેખર ગંભીર છે કે નહીં. વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોએ સ્થાનિક ૧૦ લોકો સહિત સહજ માર્ગમાં વિધિવત પ્રવેશ કર્યો હતો. હવે પ્રશિક્ષકો દર સપ્તાહના અંતે બેંગલોરથી આ કેન્દ્ર સુધી પ્રવાસ કરીને ખાતરી કરે છે કે તેમને નિયમિત બેઠકો મળે.

તેના થોડા સપ્તાહો બાદ હુલીયર (સી.એન.હલ્લીથી ૨૫ કિ.મી. દૂર)માં કેટલાંક લોકોએ પણ મિશનમાં જોડાવામાં રસ દર્શાવ્યો હતો. અહીં પણ તબક્કાવાર ક્રમશ: દર સપ્તાહના અંતે ૩–૪ જણને બેઠકો આપીને સહજ માર્ગમાં દાખલ કરવામાં આવ્યાં. હાલમાં આ કેન્દ્રની સંખ્યા ૨૦ જેટલી છે.

તેના એક મહિના પછી, તિરૂપુરઆશ્રમ ખાતે આ તમામ અભ્યાસીઓ માટે 'નવા અભ્યાસીઓ માટે તાલીમ કાર્યક્રમ' યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો હેતુ નવા અભ્યાસીઓને સાધનાના તમામ પાસાંઓની સાચી સમજ આપવાનો હતો, તેમજ તેમને નાના જૂથોમાં ચર્ચાઓ કરીને પોતાના વિચારો વ્યક્ત કરવાની એક તક આપવાનો હતો. તેમને ગુરુનું મહત્ત્વ અને ભંડારાઓમાં હાજરી આપવાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. તેમાંના કેટલાંકને તિરૂપુર ભંડારામાં હાજર રહેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કેન્દ્રો જે સાહજિકતાથી વિકસ્યા છે, તે એ દર્શાવે છે કે હૃદયનો બગીચો હંમેશાં વિકસતો રહે, તે માટે આપણા માલિક આપણને સતત પ્રેરણા પૂરી પાડતા રહે છે.

શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા
પ્રાદેશિક પ્રવૃત્તિઓ
જુલાઈ ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૪

## રેડિયો પર સહજ માર્ગ

ઈરોડ સેન્ટરના પ્રશિક્ષકો એક કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે, જેનું નામ છે, 'મનથોડુ પેસ્યુવોમ' (તમારા મનની વાત કહો). આ કાર્યક્રમ એ થુડુપતિ ખાતે આવેલી એનગુન્તુર એન્જિનીયરીંગ કોલેજ દ્વારા ચલાવાઈ રહેલ રેડિયો – મુકિલ એફ એમ–નો રેડિયો બ્રોડકાસ્ટ છે. આ આપણા મિશનનો એક નવીન પ્રયાસ છે, કે જેના દ્વારા ધ્યાનની જરૂરિયાત વિશેની રજૂઆત કરવાથી ગામડાંના લોકો સુધી પણ પહોંચી શકાય છે. છેલ્લા ૬ મહિનાથી ચાલુ રહેલ આ કાર્યક્રમમાં, પ્રશિક્ષકો સહજ માર્ગ પદ્ધતિના મૂળ તત્ત્વો વિશે સમજૂતી આપે છે. ઈરોડની આસપાસના ૧૦ કિ.મી.ના વિસ્તાર સુધી મુકિલ એફ એમ– સાંભળનારાઓ સુધી આ કાર્યક્રમ બરોબર પહોંચી જાય છે.



## પ્રશિક્ષક તાલીમ કાર્યક્રમ (પીટીપી)

ચેન્નાઈ, જયપુર, ચંદીગઢ અને સતખોલમાંથી આવતા પ્રશિક્ષકો માટે આ વિસ્તારોમાં પીટીપી કાર્યક્રમો યોજાયાં હતાં. પૂ.માસ્ટરે આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહીને સૌના પર કૃપા વરસાવી હતી. તેમણે વકતવ્યો આપ્યાં અને સત્સંગ કરાવ્યો. બધાં જ ભાગ લેનારાઓ માટે આ પ્રેરણાદાયક રહ્યું કારણ કે બધાં પૂ.માસ્ટર સાથે સમય વીતાવી શક્યા.

કાર્યક્રમોમાં અરસપરસ આપ–લે થતી રહી અને ભાગ લેનારાઓ મોકળે મને વાત કરતા હતા. શિક્ષણની પ્રક્રિયા સરળ રહી, કશું પરાણે નહતું થતું; શીખવાડ્યા વિના જ બધું શીખી શકાતું હતું. આ કાર્યક્રમોને પરિણામે, પ્રશિક્ષકોને તેમના પોતાના પરિવર્તન માટે અને ભૂલ સુધારવા માટેની જરૂર દેખાઈ કારણ કે સામાન્ય રીતે તેઓ બીજાંઓની ભૂલ સુધારવાનું કહેતા હોય છે.

તે કાર્યક્રમનાં વિષયો હતાં, પ્રશિક્ષકનું જીવન, તેનું કાર્ય અને માસ્ટર સાથેનો તેમનો સંબંધ.



## જમ્મુ એન્ડ કાશ્મીર ડાયરી

"ઘણું સુંદર કાર્ય" – આ હતો પૂ.માસ્ટરનો પ્રતિભાવ, જ્યારે તેમને જમ્મુ એન્ડ કાશ્મીરમાં શ્રી રામચંદ્ર મિશનના રજીસ્ટ્રેશનના સમાચાર મોકલવામાં આવ્યા. આર્ટિકલ ૩૭૯ મુજબ, જે એન્ડ કે માં મિશનની નોંધણી થવી જરૂરી હતી કે જેથી ત્યાં મિશનની પ્રવૃત્તિઓ આદરી શકાય.

નોંધણીની પ્રક્રિયા લાંબી અને કંટાળાજનક હતી અને રાજ્યમાં સુરક્ષા અંગેના અટપટા કાયદાઓ હોવાથી તે પૂરી થવામાં ત્રણ વર્ષ લાગી ગયા.

જમ્મુ સેન્ટરમાંથી ૧૪ અભ્યાસીઓ માસ્ટરને મળવા ૧ એપ્રિલ ૨૦૦૯ના રોજ આવ્યા અને તેમણે પૂ.માસ્ટરને શ્રી રામચંદ્ર મિશન જે એન્ડ કે ના બંધારણીય માળખાની રજીસ્ટર્ડ કોપીઓ સોંપી.

પૂ.માસ્ટર એ જાણીને બહુ ખુશ થયા કે જમ્મુ સેન્ટરમાં રજીસ્ટર થયેલાં અભ્યાસીઓની સંખ્યા ૩૦૦ છે અને સામાન્યત: રવિવારના સત્સંગમાં ૬૫ અભ્યાસીઓની હાજરી હોય છે. તેમણે અભ્યાસીઓને સૂચના આપી કે બાજુમાંની અડધો એકર જમીન પણ તેમણે લઈ લેવી. હવે જમ્મુ માટે આશ્રમની ૧ એકર જમીન મેળવી લેવાઈ છે અને જ્યારે પણ પૂ.માસ્ટર જમ્મુની મુલાકાતે આવશે, ત્યારે તે તેમને અર્પણ કરવામાં આવશે.

## ભુવનેશ્વર અને કટક માટે આશ્રમની જમીન

ભુવનેશ્વર, કટકનું એક અભ્યાસી કુટુમ્બ ભુવનેશ્વર અને કટકની વચ્ચે આવેલી ૧.૩ એકર જમીન પર આશ્રમ બાંધવા માટે જમીન દાનમાં આપી રહ્યું છે. ચેન્નાઈ–કોલકતા હાઈવેથી આ જમીન ૩.૫ કિ.મી. દૂર છે. આ



જમીન ૧૭મી એપ્રિલે ભુવનેશ્વરના સબ–રજીસ્ટ્રારની ઓફિસમાં નોંધાઈ ચૂકી છે. શ્રી રામચંદ્ર મિશન તરફથી ગિફ્ટ–ડિડ પર ભાઈ ઉમાશંકરે સહી કરી હતી. આ જમીનની લગોલગ આવેલી લગભગ ૬ થી ૭ એકર ગવર્મેન્ટ કેટલ ગ્રેઝીંગ લેન્ડ મેળવવા માટે ખુરદાના ડિસ્ટ્રીકટ કલેકટરને અરજી મોકલવાનું નક્કી કરવામાં આવ્યું છે, કે જેથી આ જમીન પર એક મોટો આશ્રમ બાંધી શકાય.

# બાળકોનો કેમ્પ

ઉનાળાની રજાઓ હોવાથી, બાળકો માટે ઉનાળું કેમ્પ યોજવા માટે આ યથાર્થ સમય હતો. બાળકોને વ્યસ્ત અને કાર્યરત રાખવા તથા સૂક્ષ્મતાથી મૂલ્યો શીખવાડવા માટે ઘણી બધી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ કેન્દ્ર તેની રોજિંદી પ્રવૃત્તિઓની સાથે, છેલ્લા સાત વર્ષથી આ કેમ્પનું આયોજન કરી રહ્યું છે. તા.૫ થી૭ જૂન દરમિયાન અઢી દિવસના સમર-કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના વિવિધ કેન્દ્રોમાંથી આશરે ૯૦ બાળકોએ આ કેમ્પમાં ભાગ લીધો હતો. જુદી જુદી ભૂમિકાઓ ભજવવાની પ્રવૃત્તિ દ્વારા તથા કવીઝમાં ભાગ લઈ, બાળકો ઘણું બધું શીખ્યા હતા. સાયન્સ-સીટીની મુલાકાત પછી કેમ્પનું સમાપન થયું હતું. બાળકોને "ડીપ સી" ફિલ્મ જોવાની મજા પડી હતી. સમગ્ર કેમ્પ દરમિયાન દિવસની પ્રવૃત્તિના એક ભાગ રૂપે, સવારે યોગાસન, દરેક ભોજન વચ્ચે પ્રાર્થના અને ગ્રુપ-શિસ્ત શીખવાડવામાં આવ્યાં હતાં.

હૈદ્રાબાદમાં મે મહિનાની ૮થી ૧૦ તારીખ દરમિયાન ટુમકુન્ટા ઝોનલ આશ્રમ પર એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આન્ધ્ર પ્રદેશના વિવિધ કેન્દ્રોમાંથી બાળકોએ ઉત્સાહ અને જોશપૂર્વક ભાગ લીધો હતો. અહીં પર જુનિયર (૯થી ૧૨ વર્ષ) અને ૮૩ સિનિયર (૧૩થી ૧૬ વર્ષ) બાળકોએ ભાગ લીધો હતો અને તેમને મદદ કરવા ૧૫ સ્વયંસેવકો હતા.

'સ્વાસ્થ્ય અને સ્વચ્છતા' વિષય પર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. તેમની ઉંમરને લગતા સામાન્ય સ્વાસ્થ્ય, પ્રાથમિક સારવાર અને ભોજનને લગતા વિવિધ મુદ્દાઓ આવરી લેવાયા હતા. ભાગ લેનારા સૌએ આ રંગબેરંગી સ્લાઈડની મજા માણી હતી અને તેને સારો પ્રતિસાદ આપ્યો હતો. રાત્રિના ભોજન બાદ સૂતા પહેલાં બાળકોએ આશ્રમના શાંત વાતાવરણમાં તારામંડળથી ભરેલા આકાશ નીચે સમય વીતાવ્યો હતો. ત્યાર પછી મનુષ્યનું જીવન વનસ્પતિ પર કેવી રીતે નિર્ભર છે, તે બતાવવામા આવ્યું હતું. બગીચાના વિવિધ સાધનોનો કેવી રીતે ઉપયોગ કરવો અને ખાતર કેવી રીતે આપવું, તેનું નિર્દેશન કરવામાં આવ્યું હતું.

ઓમેગા સ્કુલની જીએઆઈએ કલ્બના સભ્યો સાથે પૂ.માસ્ટરના વાર્તાલાપની વિડિયો બતાવવામાં આવી હતી. જુદી જુદી જાતની કલા પ્રવૃત્તિઓએ બાળકોને કાર્યરત રાખ્યા હતા અને સાંજે તેઓ બહાર રમવા ગયા હતા. ત્યારબાદ સિનિયર વયજૂથના બાળકોએ જૂથ પાડીને નાની નાટિકાઓ ભજવી હતી. દિવસનું સમાપન એક ફિલ્મ દ્વારા થયું હતું.

રવિવારે સિનિયર બાળકો માટે 'જરૂરિયાતો અને ઈચ્છાઓ' પર એક પ્રવૃત્તિ હતી. સ્વાસ્થ્ય પરના શિક્ષણના પ્રેઝન્ટેશન પછી ટાઈમ-મેનેજમેન્ટ, સમયનું સંચાલન કેવી રીતે કરવું, તેના પર એક પ્રેઝન્ટેશન હતું. જુનિયર બાળકો ઓરિગામી, ડમ્બશરાસ અને રંગપૂરણી જેવી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહ્યા હતા.

મોનોએક્ટીંગ, ટૂચકાઓ, ગીતગાયન અને નૃત્ય જેવા ટેલેન્ટ દર્શાવતો કાર્યક્રમ સૌને ખૂબ ગમ્યો હતો. બધાં બાળકો કેમ્પના સમાપન વખતે ખૂબ જ ખુશ હતા અને પૂ.માસ્ટરના સંદેશાઓ સાથે, તાજા થઈને ઘરે પાછા ગયા હતા.

ઈન્દોરમાં ૧થી ૭ જૂન ૨૦૦૯ દરમિયાન ૫થી ૧૨ વર્ષના બાળકો માટે ઉનાળુ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન બહેન પુષ્પા ખારગાવકાર અને વિનિતા રેવતકર અને અન્ય ૫૦ સ્વયંસેવકોના સહયોગથી કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૩ બાળકોએ ભાગ લીધો હતો.

આપણા મિશનની પ્રાર્થના બોલવી, થોડી ક્ષણો શાંતિ જાળવવી, યોગાસન અને ગીત ગાવા, જેવી પ્રવૃત્તિઓ દરરોજ કરાવવામાં આવી હતી. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં મૂલ્યોનું સિંચન કરવામાં આવ્યું હતું. સ્વયંશિસ્ત, સામાજિક શિસ્ત અને પોતાના નિર્ધારિત લક્ષ્યને પામવા માટે શિસ્તનું નિર્દેશન કરવામાં આવ્યું હતું, તેમજ ખંતનું મહત્ત્વ સમજાવી, સતત કાર્ય માનવીને સંપૂર્ણ બનાવે છે, તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો. ખુશી, આનંદ, ઉમંગ, પ્રેમ, સંતોષ અને પ્રમાણિકતા જેવા બીજા મૂલ્યોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. કઠપૂતળીના એક કાર્યક્રમ દ્વારા આ મૂલ્યોને સમજવામાં ઘણી મદદ મળી હતી.

વૈશ્વિક પર્યાવરણ દિવસે પર્યાવરણનું સર્જન વિશે એક પ્રેઝન્ટેશન દ્વારા બતાવવામાં આવ્યું હતું કે પ્રકૃતિ હંમેશાં પૂરક અને આપનાર છે.

છેલ્લા દિવસે, માનવ સેવા ટ્રસ્ટ દ્વારા બાળકોને તે જગ્યાએ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં વૃદ્ધોને અને જેમને સહાયની જરૂર હોય છે, તે લોકોને રાખવામાં આવે છે, ત્યાં રહેતા લોકો સાથે બાળકોએ રમતો રમીને મજા કરી હતી અને તે લોકોને ભેટો પણ આપી હતી.

જે બાળકોના વાલીઓ હજી અભ્યાસી નથી બન્યા, તેમને આશ્રમ પરના ઓપન હાઉસમાં હાજર રહેવા આમંત્રણ આપવામાં આવ્યું હતું.

*Hyderabad*



*Ahmedabad*





*Indore*



## અખિલ ભારતીય નિબંધસ્પર્ધા

આ સ્પર્ધાનું આયોજન શૈક્ષણિક સંસ્થાઓ, નિશાળો, કોલેજો, અન્ય પસંદગી કરેલી શૈક્ષણિક સંસ્થાઓ, અથવા આપણાં મિશનનાં કેન્દ્રો પર, તા.૧૨ ઓગસ્ટ ૨૦૦૯ કે જે સંજોગોવશાત યુનોનો યુથ-ડે પણ છે, તે દિવસે યોજવામાં આવશે. આનું આયોજન શ્રી રામચંદ્ર મિશન અને યુનાઈટેડ નેશન્સ ઈન્ફોર્મેશન સેન્ટર (ભારત અને ભૂતાન) ના સહયોગથી કરવામાં આવેલ છે.

નિબંધો નીચેની કોઈ પણ એક ભાષામાં હોઈ શકે છે: અંગ્રેજી, સાસામી, બંગાળી, બ્રીએલ, ગુજરાતી, હિન્દી, કન્નડા, મલયાલમ, મરાઠી, ઓરિયા, સંસ્કૃત, તમિલ અને તેલુગુ.

## જુદી જુદી ઉંમરના વયજૂથ માટેના વિષયો છે:

<u>જુનિયર વિભાગ (ધોરણ ૬ થી ૯)</u>
પ્રેમ આપો, પ્રેમ મેળવો

<u>સિનિયર વિભાગ (ધોરણ ૧૦ થી ૧૨)</u>
બીજાંઓ પાસેથી તમે જેવાં વર્તનની અપેક્ષા રાખો, તેવું જ વર્તન તમે બીજાંઓ સાથે કરો

<u>કોલેજ વિભાગ (યુજી / પીજી)</u>
પ્રેમ છે, ત્યાં આશા છે; ઘૃણા છે, ત્યાં નિરાશા છે

વધારે માહિતી માટે ઈમેલ મોકલો: **essayevent@smrti.org**

શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા
પ્રાદેશિક પ્રવૃત્તિઓ
જુલાઈ ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૪

## SMRTI એસએમઆરટીઆઈ તાલીમ

એસએમઆરટીઆઈ ઝોનલ કોઓર્ડિનેટરોની ૩ દિવસની મીટીંગ, બાબુજી મેમોરિયલ આશ્રમ, મણપાક્કમ, ચેન્નાઈ ખાતે , મે ૧૫થી ૧૭ની વચ્ચે રાખવામાં આવી હતી, જેમાં ભારતના વિવિધ પ્રાંતોમાંથી આવેલા ૬૮ અભ્યાસીઓએ ભાગ લીધો હતો.

ભાઈ પદ્દુ નેલ્લાયપને નવી બનાવેલી એસએમઆરટીઆઈ ટીમની ઓળખાણ કરાવી હતી અને ત્યારબાદ નવા અમલી કરાયેલ 'અભ્યાસી ટ્રેનીંગ પ્રોગ્રામ લેવલ-૧' બાબતે માહિતી આપી હતી. આમાં પૂ.માસ્ટરના વાર્તાલાપમાંથી લીધેલા અવતરણોમાંથી, સહજ માર્ગ સાધનાના બધાં જ પાસાઓ, ઓડિયો અને વિડિયોના અંશો દ્વારા આવરી લેવાયા છે. આ કાર્યક્રમ એક વર્ષથી ઓછા સમયથી અભ્યાસ કરનારા અભ્યાસીઓ માટે છે. ભાઈ મિસલ મહેતા અને ભાઈ પુનિત લાલભાઈએ ૨૦૦૯માં યોજાનારી અખિલ ભારતીય નિબંધ સ્પર્ધાની માહિતી ઊંડાણપૂર્વક આપી હતી. આ સ્પર્ધા ૧૨મી ઓગસ્ટે યોજાશે અને વિજેતાઓનો પુરસ્કાર વિતરણ કાર્યક્રમ ૧૮મી જાન્યુઆરી ૨૦૧૦માં યોજાશે.

ભારતના વિવિધ પ્રાંતોમાંથી આવેલા અભ્યાસીઓમાંથી 'પ્રેઝન્ટર - કાર્યક્રમ રજૂ કરનાર' પસંદ કરવા માટેની મૂલ્યાંકન-કસોટી, બહેન લલિતા શ્રીનિવાસન અને બહેન અનસૂયાએ લીધી હતી.

ભાગ લેનાર અભ્યાસીઓ ખૂબ જ ઉત્સાહી હતા અને આ પ્રેઝન્ટેશનની સામગ્રી મળી ગઈ હોવાથી ઘણાં કેન્દ્રોએ આ કાર્યક્રમની શરૂઆત પણ કરી દીધી છે.

બાલાગઢ કેન્દ્રે એક કાર્યક્રમનું ૨ જી મે ૨૦૦૯ના રોજ આયોજન કર્યું હતું. આશરે ૨૬ અભ્યાસીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આમાં દરેક વિભાગ પછી, પ્રશ્નોત્તરીનું ખાસ સત્ર હતું, જે ભાગ લેનારાઓની સાધનાને લગતી શંકાઓનું સમાધાન કરતું હતું. આ કાર્યક્રમે તેમને આપણા મિશનના સાહિત્યને વાંચવા પ્રેરિત કર્યા હતા.

નચીપલાયમ, કોઈમ્બતુર ખાતે, તા.૭ મી જૂનના રોજ, અભ્યાસીઓ માટે પાયાના સ્તરની એક ટ્રેનીંગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાગ લેનારા ૧૨ અભ્યાસીઓ માટે એસએમઆરટીઆઈની સામગ્રી ઉપયોગમાં લેવાઈ હતી.

એસએમઆરટીઆઈ ના કોઓર્ડિનેટર અને તેના માટે બહાર કામ કરતા



સ્વયંસેવકો માટે ૭ જૂન ૨૦૦૯ના રોજ, મુંબઈ કેન્દ્ર ખાતે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૭૨ લોકોએ ભાગ લીધો હતો. ઝોન-ઈન-ચાર્જ ભાઈ સુભાષ વૈદ્યએ 'પરિવર્તન' ઉપર વાર્તાલાપ યોજ્યો હતો. એસએમઆરટીઆઈ ના મહારાષ્ટ્ર ઝોનના કોઓર્ડિનેટર ભાઈ વિશ્વાસ ટિલ્લુએ, શ્રી રામચંદ્ર મિશન એક એનજીઓ તરીકે યુનાઈટેડ નેશન્સ સાથે જુગલબંધીમાં કેવી રીતે કાર્ય કરે છે, તે પર સમજ આપી હતી, જે આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ હતું.

## વીબીએસઈ - મૂલ્ય આધારિત શિક્ષણ પર એક વર્કશોપ




૧૨ થી ૧૫ મેના રોજ, વીબીએસઈ માટે કાર્ય કરી રહેલા શિક્ષકો અને સ્વયંસેવકોની તાલીમ રાંચી આશ્રમ ખાતે યોજાયેલ ભરચક તાલીમ કાર્યક્રમ દ્વારા આગળ વધી હતી. શહેરની ત્રણ શાળાઓ, સેન્ટ એલાયસીયસ સ્કુલ, યુરસુલીન કોન્વેન્ટ અને મોન્ટફોર્ડ સ્કુલ, જે પોતાની શાળામાં વીબીએસઈ દાખલ કરવા તૈયાર છે, તેમણે કુલ ૧૬ શિક્ષકોને તાલીમ મેળવવા માટે આ કાર્યક્રમમાં મોકલ્યા હતા. આશરે ૨૫ વીબીએસઈ સ્વયંસેવકોએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પારસ્પરિક અસર કરતા આ કાર્યક્રમમાં વાર્તાલાપો, પ્રેઝન્ટેશન અને તાલીમના સત્રો રાખવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેકને બે વર્ગના નિર્દેશનમાં ભાગ લેવાનો મોકો આપવામાં આવ્યો હતો. કેટલાંક ભાગ લેનારાઓએ, બહેન સીતાના માર્ગદર્શન હેઠળ નવી આવૃત્તિના નવા કોર્સની સામગ્રી બનાવવામાં ફાળો આપ્યો હતો. યુરસુલીન કોન્વેન્ટના પ્રિન્સીપાલ, બહેન મેરી ગ્રેસ સમાપન વખતે જોડાયા હતા. બાળકોને મૂલ્યો શીખવાડવા યોગ્ય સાધનો અને માહિતી પૂરી પાડતા સ્વયંસેવકોને અથાગપણે કામ કરતાં જોઈને તેઓ ખૂબ જ ખુશ થયા હતા.



વાસ કેન્દ્રે પણ એક વીબીએસઈ તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેમાં ૫૦૦૦ સરકારી શાળાઓના શિક્ષકોને તાલીમ આપવાનું આયોજન ખૂબ જ વિશાળ પાયે થયું હતું. આ વર્કશોપમાં સરકારી શાળાઓના ૫૪ અને ખાનગી શાળાઓના ૧૬ તાલીમ આપનાર શિક્ષકોએ ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમમાં ભાગ લેનાર અભ્યાસીઓના વાર્તાલાપો અને સ્વયંસેવકોએ કરેલી જુદી જુદી રજૂઆતો સામેલ હતી. બહેન સીતા અને બહેન યામિનીએ વર્કશોપના અંતિમ દિવસે હાઈસ્કુલનો અભ્યાસક્રમ આવરી લીધો હતો. બહેન સીતાના 'યુવાનોનું ઘડતર' પરના વક્તવ્યની ખૂબ પ્રશંસા થઈ હતી. આ વર્કશોપમાં તાલીમ પામેલા શિક્ષકો જિલ્લાના જુદા જુદા ૨૭ વિસ્તારમાં વીબીએસઈ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવા જશે.

શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા
પ્રકાશનાં કેન્દ્રો
જુલાઈ ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૪

## બેંગલોર – બનાશંકરી આશ્રમ









બેંગલોર શહેરના ચાર આશ્રમમાંનો સૌથી જૂનો યોગાશ્રમ, શહેરની વચ્ચે આવેલા બનાશંકરી નામે જાણીતા વિસ્તારમાં આવેલો છે. ૧૯૭૩માં, ભાઈ જે.આર.ડી. આચ્ચર અને બેંગલોર ડેવલપમેન્ટ ઓથોરીટી (બીડીએ)ના પ્રયત્નો થકી, એક આશ્રમ બનાવવા માટે, ૧૫૦ ફૂટ બાય ૧૦૦ ફૂટની જમીન પટ્ટેથી લીધી હતી. પહેલાં એક ઓરડો બનાવવામાં આવ્યો હતો અને તે વખતે પૂ.માસ્ટર મિશનના જનરલ સેક્રેટરી હોવાથી તેમણે આશ્રમનું ઉદઘાટન ૧૨ સપ્ટેમ્બર ૧૯૭૬ના રોજ કર્યું હતું. આ પ્રસંગે તેમના સંદેશામાં પૂ.બાબુજીએ કહ્યું હતું, "આપણે અસ્તિત્વના આ ચક્રનો એક ભાગ છીએ અથવા સાદા શબ્દોમાં કહીએ તો આપણે પ્રકૃતિનો એક ભાગ છીએ. આપણે પ્રકૃતિની સાથે રહેવું જોઈએ, તેને હરાવવાની કોશિશ કદી ન કરવી જોઈએ. જો બધું બદલાય અને પ્રકૃતિને સહકાર આપે તો તે સંતુલિત રીતે વિકાસ પામશે અને તે જ તો આપણે ઈચ્છીએ છીએ. અભ્યાસ દ્વારા જ આ સંતુલન વિકાસ પામે છે."

આ આશ્રમમાં પૂ.બાબુજી મહારાજનો ૮૦ મો જન્મદિવસ તા.૨૯ એપ્રિલથી ૧ લી મે ૧૯૭૮ સુધી ઉજવવામાં આવ્યો હતો. આ સમગ્ર વિસ્તાર અને આજુબાજુના રસ્તાને આવરી લેતા મંડપ હેઠળ લગભગ ૨૫૦૦ અભ્યાસીઓ આ ઉજવણી માટે ભેગાં થયાં હતાં. આ પ્રસંગે તેમના પ્રવચનમાં તેમણે કહ્યું હતું, "'તેના' આશીર્વચનની એક પ્રજ્જ્વલિત જ્યોતનો ભાગ એવો હું, માત્ર ભારતનો નથી, પણ સમગ્ર દુનિયાનો છું. તેથી હું ઈચ્છું છું કે 'અંતિમ'માં છુપાયેલા એ પ્રમનો આસ્વાદ બધાં જ લોકો માણે."

આ ભંડારાઓ પછી, નવા મેડિટેશન હોલનું કામ ચાલુ કરવામાં આવ્યું હતું અને તે ૧૯૮૨માં પૂરું થયું હતું. આ હોલ આશરે ૨૬૦૦ ચોરસ ફૂટનો છે, તેની આજુબાજુ પરસાળ છે, જેમાં લગભગ ૫૦૦ અભ્યાસીઓ આરામથી બેસી શકે છે. આ હોલમાં હવાની અવરજવર ખૂબ સરસ રહે છે અને ઉપરથી કુદરતી પ્રકાશ જાણે ગળાઈને આવે છે.

મેડિટેશન હોલની પાછળ પૂ.માસ્ટરનું કોટેજ, ગેસ્ટરૂમ, રસોડું અને ટોઈલેટ બ્લોક છે, જે લગભગ ૧૦૦૦ ચોરસ ફૂટમાં આવેલ છે. વહીવટ અને એકાઉન્ટ્સ માટેની ઓફિસ, બુક–સ્ટોર અને ચોકીદારનો ઓરડો આશ્રમની નીચે આવેલ છે. આશ્રમની જમણી બાજુ એક મેડિકલ કોલેજ છે અને તેની ડાબી બાજુએ શ્રી રાઘવેન્દ્ર મંદિર આવેલું છે.


બાંધકામની આસપાસ અસંખ્ય નાળિયેરી આવેલી છે અને ત્યાં ચીકુના ઝાડ પણ છે. નાના બગીચાની મધ્યમાં આવેલો એક ફુવારો આશ્રમની સુંદરતામાં ઉમેરો કરે છે.

હાલમાં રવિવારના સત્સંગ માટે લગભગ ૭૦૦ અભ્યાસીઓ આવે છે અને અહીં દરરોજ સાંજે વ્યક્તિગત સીટીંગ યોજવામાં આવે છે. પૂ.માસ્ટરની મુલાકાત વખતે આશ્રમમાં લગભગ ૨૦૦૦ અભ્યાસીઓ રહી શકે છે. નિયમિત તાલીમ કાર્યક્રમો, ઓપન હાઉસ સત્રો અને અન્ય પ્રવૃત્તિઓનું પણ અહીં આયોજન કરવામાં આવે છે.

આ આશ્રમને પૂ.માસ્ટરની શારીરિક ઉપસ્થિત મેળવવાનું સૌભાગ્ય વર્ષોથી પ્રાપ્ત થયેલું છે. ઘણાં અભ્યાસીઓએ તેમનાં હૃદયમાં પૂ.માસ્ટર અને તેમના કુટુમ્બ સાથે અહીં વીતાવેલા સમયની સ્મૃતિ સંઘરી રાખી છે. માસ્ટરે અહીં કેટલાંક લગ્નો પણ કરાવેલાં છે. પૂ.માસ્ટરની પ્રત્યેક મુલાકાત જ એક ઉજવણી હોય છે.







To subscribe to this Newsletter please visit http://www.srcm.org/centers/as/in/newsletter/index.jsp
For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org

© 2009 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved.
"Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.
This Newsletter is intended exclusively for the members of SRCM.